GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનો ઉપયોગ અને દૈનિક શિક્ષણ કાર્ય દરમિયાન અનુભવતી મુશ્કેલીઓનો અભ્યાસ

**ડો.કિરીટકુમાર આર. ચૌહાણ,**

**આસિસ્ટન્ટ પ્રોફેસર,**

**શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા**

---

**સારાંશ**

ગુજરાતીમાં એક કહેવત છે, "બાર ગામે બોલી બદલાય". ભારત જેવા વિશાળ દેશમાં અનેક ભાષાઓ છે. ભારતના બંધારણની 8મી અનુસૂચિમાં 22 ભાષાઓનો સત્તાવાર ભાષાઓ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. પીપલ્સ લિંગ્વિસ્ટિક સર્વે ઓફ ઈન્ડિયાએ ૭૮૦ ભાષાઓની ઓળખ કરી છે અને એવું માનવામાં આવે છે કે લગભગ ૫૦ જેટલી ભાષાઓ છેલ્લાં પાંચ દાયકામાં લુપ્ત થઇ ગઈ છે. ૨૨ ભાષાઓને સત્તાવાર ભાષા તરીકે ઓળખાવવાથી એમનું વર્ચસ્વ સચવાય જશે એવું માની ન શકાય. ભારતની વિવિધ ભાષાઓના સંરક્ષણ અને જાળવણી માટે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 એ માતૃભાષાને શિક્ષણના માધ્યમ તરીકે સ્થાપિત કરવા પ્રોત્સાહન આપ્યું છે. માતૃભાષાને શિક્ષણના માધ્યમ તરીકે સૂચિત કરવું એ એક મુશ્કેલ પાસું છે, કારણ કે વિવિધ ભાષાઓમાં વધુ અભ્યાસ સામગ્રીનું નિર્માણ કરવું, શિક્ષકોને વિવિધ ભાષાઓમાં તાલીમ આપવી અને વિદ્યાર્થીઓ માટે તેમના ભવિષ્ય માટે માતૃભાષા થકી તકો ઊભી કરવી મુશ્કેલ છે. આ સંશોધન પત્રમાં, તમે માતૃભાષાને શિક્ષણના માધ્યમ તરીકે અમલમાં મૂકવાની વિવિધ મુશ્કેલીઓનો ઉલ્લેખ જોઈ શકો છો અને તેનો અમલ શા માટે શક્ય નથી એ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો:** માતૃભાષા, શિક્ષણનું માધ્યમ, વિદ્યાર્થી, શિક્ષક

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- **પ્રસ્તાવના:**

ભારતમાં અસંખ્ય જાતિના લોકો વસે છે. આ વિવિધ લોકો, વિવિધ ભાષાઓ બોલે છે. અને એવું પણ નથી કે દરેક રાજ્યમાં ફક્ત એક જ ભાષા બોલાતી હોય, પરંતુ દરેક ભાષાની અન્ય કેટલી બોલીઓ હોય છે. હવે માતૃભાષામાં શીખવવું હોય તો ભલે એક વાર એ ભાષા કે બોલીમાં પાઠ્યપુસ્તક ન હોય પરંતુ અધ્યાપકને એ ભાષા કે બોલી આવડવી જોઇએ, એના પર સચોટ પકડ હોવી જોઇએ. આમ, એક મુશ્કેલી બને છે શિક્ષકોની સજ્જતા. બીજો પ્રશ્ન આવે છે કે શું એક વર્ગખંડમાં બેસેલા તમામ વિદ્યાર્થીઓ એક સમાન ભાષા બોલતાં હશે? આ એક એવી મુશ્કેલી છે જેને કદી પણ અવગણી ન શકાય. કારણ કે શિક્ષણના કેન્દ્રમાં વિદ્યાર્થી જ હોય છે. માતૃભાષાને શિક્ષણનાં માધ્યમ તરીકે લાગુ કરવામાં અન્ય એક મુશ્કેલી એ છે કે ભારત દેશ એ વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને ઝડપથી વિકાસ કરી રહી છે. આવા સંજોગોમાં તેના યુવાનો માટે યોગ્ય નોકરીની તકો વિકસાવવી જરૂરી છે. જો કોઈ બાળકને એક જ ભાષામાં, એની માતૃભાષામાં જ સમજણ મળી હોય, તો રાષ્ટ્રીય સ્તરે કે આંતરરાષ્ટ્રીય સ્તરે જે તકો ઉત્પન્ન થયી હોય એનો લાભ તેઓ ના મેળવી શકે. આમ, માતૃભાષામાં પાઠ્યપુસ્તક તૈયાર કરવા, શિક્ષકોને માતૃભાષા અનુસાર સજ્જ બનાવવા તેમ જ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે માતૃભાષા અનુસાર તકો પૂરી પાડવી એ ગંભીર સમસ્યાઓ બને છે.

- **માતૃભાષામાં પાઠ્યપુસ્તકો:**

જ્યાં બાર ગામે બોલી બદલાતી હોય એવાં ભારત જેવા વિશાળ દેશમાં કુલ ૧૨૧ જેટલી ભાષાઓ છે અને ૨૭૦ માતૃભાષા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ધોરણ પાંચ સુધી અને શક્ય હોય તો ધોરણ આઠ સુધી માતૃભાષામાં શિક્ષણ આપવું જોઇએ. જે દેશમાં ૨૭૦ માતૃભાષા હોય એવાં દેશમાં માતૃભાષામાં શિક્ષણ આપવું કંઇ રીતે શક્ય બને? ૨૭૦ ભાષાઓમાં પાઠ્યપુસ્તક તૈયાર કરવાની જિમ્મેદારી કોની રહેશે? પાઠ્યપુસ્તક તૈયાર થયા પછી પણ એમાં થતાં તમામ બદલાવો એકી સાથે તમામ રાજ્યોમાં લાગુ કરવા એ કઠિન કાર્ય છે. આમ, માતૃભાષામાં પુસ્તકો કે પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં નીચે મુજબ મુશ્કેલીઓ અનુભવી પડી શકે:

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- પાઠ્યપુસ્તક તૈયાર કરવા માટે તજજ્ઞો નો અભાવ.
- પાઠ્યપુસ્તકોમાં સમયાંતરે બદલાવો કરવા.
- પ્રત્યેક માતૃભાષામાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવી.
- પાઠ્યપુસ્તક અનુસાર યોગય સંદર્ભગ્રંથો હોવા.
- **શિક્ષકોની સજ્જતા:**

ગુજરાતીમાં એક કહેવત છે, "કૂવામાં હોય તો હવાડામાં આવે." અહીં કૂવો જે છે એ શક્ષક છે, અને હવાડો એટલે વિદ્યાર્થીઓ. કહેવતનો અરેથ થાય છે, કે જ્યાં સૂધી શિક્ષકને આવડતું ન હશે ત્યાં સૂધી બાળકો શીખી શકે નહીં. તો સૌ પ્રથમ પહેલી શરત એ છે કે શિક્ષકને જે તે શાળામાં ભણતા તમામ વિદ્યાર્થીઓની માતૃભાષા આવડવી જોઇએ. આ માટે અનિવાર્ય બાબત એ બને છે કે ક્યા તો અધ્યાપક મૂળ એ વિસ્તારના હોય કે શિક્ષક બનવાની તાલીમ લઇ રહેલાં તમામ તાલીમાર્થીઓને એ રાજ્યમાં બોલાતી તમામ ભાષાઓ અને બોલીઓ શીખવવામાં આવે. તાલીમ સંસ્થાઓમાં જો અનેક ભાષાઓ શીખવવી હોય તો એટલાં પ્રાધ્યાપક પણ જોઇશે. ગુજરાત જેવા રાજ્યમાં જ્યાં ૧૧ થી ૧૨ ભાષાઓ બોલાતી હોય એવામાં ૧૧ થી ૧૨ પ્રાધ્યાપકો એક જ સંસ્થામાં કામ કરે, ક્યાં તો એક કે બે પ્રાધ્યાપકોને આ બધી ભાષાઓ આવડતી હોય એ જરૂરી છે. આવું થવું એ મુશ્કેલ છે. આ ઉપરાંત બીજો પ્રશ્ન છે, બોલીનો. આ માટે અનિવાર્ય છે કે જે–તે વિસ્તારની વ્યક્તિ એજ વિસ્તારમાં નિમણુંક થાય. એક શિક્ષક એમના જ ગામ કે વિસ્તારમાં નિમણુંક થાય એવી શક્યતાઓ ઓછી કારણ કે કોણ ક્યાં નિમણુંક થાય એ ખાલી જગ્યા પર આધારિત છે.

આમ, શિક્ષકની સજ્જતામાં ઉદ્ભવેલી મુશ્કેલીઓ આ પ્રમાણે છે: તાલીમ દરમિયાન શિક્ષકોને અનેક ભાષાઓ શીખવવી. ઘણીવાર ભાષા શીખવનાર તજજ્ઞોનો અભાવ અને તે આર્થિક રીતે શક્ય નથી.

ભાષા કે બોલી અનુસાર શિક્ષકનું નિમણુંક થવું.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- **રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે તકો મેળવવી:**

હવે પ્રશ્ન એવો થાય છે કે જો કોઈ બાળક એક જ ભાષા પર મહાવરો મેળવે તો એ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તર પર તકો કેવી રીતે જડપી શકશે? કારણકે એ શક્ય નથી કે રાષ્ટ્રીય સ્તર પર અનેક ભાષાઓમાં તકો ઉભી કરવામાં આવે. રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે તકોનો લાભ લેવા માટે બાળક રાષ્ટ્રીય ભાષા અથવા આંતરરાષ્ટ્રીય ભાષા અંગ્રેજીનું જ્ઞાન મેળવે તે જરૂરી છે. સંભવ છે કે શિક્ષણનું માધ્યમ હજુ પણ અંગ્રેજી કે હિન્દી રાખી શકાય પણ તેને માતૃભાષામાં સમજાવી શકાય. પરંતુ જો માધ્યમ પણ માતૃભાષા બની જાય અને તેને સમજાવવાની ભાષા પણ માતૃભાષા હોય તો બાળક અન્ય મહત્વની ભાષાઓથી અજાણ રહે છે. આ બાળકના સર્વાંગી વિકાસમાં અવરોધ ઊભો કરશે. સંશોધનમાં મને જાણવા મળ્યું છે કે માતા–પિતા ઇચ્છે છે કે તેમના બાળકનું શિક્ષણનું માધ્યમ અંગ્રેજી બને પરંતુ તેઓ એ પણ ઇચ્છે છે કે તેમની માતૃભાષા અન્ય લોકો માટે શિક્ષણનું માધ્યમ બને. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાને પ્રાધાન્ય આપશે, તો તેઓએ ઇનકાર કર્યો. અહીં તેઓ ઇચ્છે છે કે તેમનું બાળક અંગ્રેજીમાં શીખે પરંતુ શિક્ષણનું માધ્યમ માતૃભાષા બને તો તે શક્ય નથી. દરેકને પોતાની માતૃભાષા પ્રત્યે ગર્વ હોવાથી આ સંઘર્ષ ઊભો થયો. પરંતુ તેઓ એ પણ સારી રીતે સમજે છે કે તેમના બાળકના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે તેઓ અંગ્રેજી શીખે તે જરૂરી છે.

- **ઉપસંહાર:**

આમ મારા મત અનુસાર માતૃભાષાને શિક્ષણના માધ્યમ તરીકે સ્થાપિત કરવામાં ઉપર જણાવેલ સમસ્યાઓ ઉભી થઇ શકે છે. આ માટેનો ઉપાય એ હોય શકે કે શિક્ષણના માધ્યમને રાષ્ટ્રીય સ્તરે અંગ્રેજી કે હિન્દી રાખવું અને અમુક ધોરણો સુધી, બીજાં કે ત્રીજા ધોરણ સુધી, વિદ્યાર્થીઓને એમની પ્રાદેશિક ભાષામાં સમજાવવામાં આવે. આવું કરવાથી બાળકની અંગ્રેજી કે હિન્દી ભાષા પર પકડ પજણ મજબૂત બનશે અને ભવિષ્યમાં યોગ્ય નોકરીની તકો પણ મળી રહેશે. આ ઉપરાંત માતૃભાષાનાં સંરક્ષણ માટે જરૂરી છે કે માતૃભાષા એક અલગ વિષય તરીકે શાળા– મહાશાળાઓમાં ભણાવવવામાં આવે. આમ, માતૃભાષા પણ જળવાય રહેશે અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય પણ નિશ્ચિંત બનશે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

– **સંદર્ભસૂચિ:**

દવે, એન.(૧૯૯૯). ઉચ્ચ શિક્ષણઃ ચિંતા અને ચિંતન. અમદાવાદઃ પાશ્વ પ્રકાશન.

જોષી, જયના અને અન્ય, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ગાંધીનગર: રજિસ્ટ્રાર ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન.

શાહ, દિપીકા (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

વછરાજાની, ભદ્રાયુ 'માતૃભાષાનું મહિમગાન' મીડિયા પબ્લિકેશન.

પટેલ ભોળાભાઈ 'મળી માતૃભાષા મને ગુજરાતી',આર. આર. સેઠ પબ્લિકેશન (અમદાવાદ)